જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૭/૦૧/૨૦૨૫    મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-    સમાચાર યાદી નં.૩૩/૨૦૨૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૬૨ લીટર દેશી દારૂ, ૨૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૨૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૬૩ બિયર ટીન, ૧ સ્કુટર અને ૨ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૧,૧૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-    સમાચાર યાદી નં.૩૪/૨૦૨૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### ઘરફોડઃ-    સમાચાર યાદી નં.૩૫/૨૦૨૫

**રામોલઃ** બિદીયાબહેન તે વિજયસિહ ચૌધરીના વિધવા પત્ની (ઉ.વ.૪૬) (રહે જનતાનગર પોષ્ટ ઓફીસવાળા ખાંચામાં રામોલ) એ તા.૦૬/૦૧/૨૦૨૫ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૧/૨૦૨૫ રાતના ૧૧/૪૫ થી તા.૦૫/૦૧/૨૦૨૫ કલાક ૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના રહેણાંકના ઉપરના માળે મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૭૮,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૯૮,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.જે.પટેલ ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૩૬/૨૦૨૫**

**સોલા હાઈકોર્ટઃ** જૈમીનકુમાર રામભાઈ પટેલ (ઉ.વ.૪૦) (રહે. અનમોલ રેસીડનસી રાણીપ) તા.૦૫/૦૧/૨૦૨૫ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના પત્ની અને પુત્ર સાથે મોટર સાયકલ ચલાવી ઉમા શરણમ સોસાયટી સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં નીલ ગાય આવી જતા પડી જતા જૈમીનકુમાર પટેલને ગંભીર ઈજઓ થતા સારવાર માટે તેમને રાણીપ ઓમ આઈસીયુ મલ્ટીસ્પેશિયાલીટી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદીપસિહ સુરાજી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૩૭/૨૦૨૫**

**અમરાઈવાડીઃ** હિમ્મતભાઈ સ/ઓ રણજીતભાઈ પરમાર (ઉ.વ.૩૦) (રહે. શિવનગર સોસાયટી રબારી કોલોની રોડ અમરાઈવાડી) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૧/૨૦૨૫ કલાક ૧/૫૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી માનસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી